
પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૧૯૮ | ૨૮ સપ્ટેમ્બર, ૨૦૨૧, મંગળવાર; ભાદરવા વદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# દેશવાસીઓને યુનિક આઈડી કાર્ડ અપાશે : મોદી

**દેશમાં ડિજિટલ હેલ્થ મિશન પ્રારંભ : દેશમાં ક્યાંય પણ હેલ્થ રિપોર્ટ કે પ્રિસ્ક્રિપ્શન લઈ જવાની જરૂર નહી રહે : વડાપ્રધાને મિશનની શરૂઆત કરી, ડોક્ટર કાર્ડ જોઈને જ જાણકારી મેળવી લેશે કે જે-તે વ્યક્તિને પહેલા કઈ બીમારી હતી, કેવી સારવાર લેવામાં આવી છે**



નવી દિલ્હી, તા.૨૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે પ્રધાનમંત્રી ડિજિટલ હેલ્થ મિશનની શરુઆત કરી. આ મિશન અંતર્ગત દેશના તમામ લોકોને એક યુનીક આઈડી કાર્ડ આપવામાં આવશે, જેમાં તેમના સ્વાસ્થ્યને લગતી તમામ જાણકારી હશે. આનો સૌથી મોટો ફાયદો થશે કે જો તમે દેશના કોઈ પણ ખૂણામાં સારવાર માટે જશો તો તમારે કોઈ રિપોર્ટ અથવા પ્રિસ્ક્રિપ્શન વગેરે સાથે લઈ જવાની જરુર નથી. ડોકટર તમારું કાર્ડ જોઈને જ જાણકારી મેળવી લેશે કે તમને પહેલા કઈ બીમારી હતી તેમજ ક્યાં અને કેવી સારવાર લેવામાં આવી છે. પહેલા આ મિશનનું નામ નેશનલ ડિજિટલ હેલ્થ મિશન હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૧૫મી ઓગસ્ટ ૨૦૨૦ના રોજ લાલ કિલ્લાથી આ યોજનાની જાહેરાત કરી હતી. અત્યારે આ યોજના અંદમાન-નિકોબાર, ચંદીગઢ, દાદર નગર હવેલી, દમણ-દીવ,લદાખ અને લક્ષદ્વીપમાં ચાલી રહી હતી. હવે આ યોજનાને આખા દેશમાં લાગુ કરવામાં આવશે. આ મિશનનો હેતુ છે કે દરેક વ્યક્તિની હેલ્થકેર

● અનુસંધાન પાન-૭ પર

## રાકેશ ટિકૈતે વાટાઘાટની સરકારની અપીલને ફગાવી

**સરકાર કાયદામાં ૧૦ વર્ષે સુધારો કરશે તો આ આંદોલન ૧૦ વર્ષ સુધી ચાલુ રહેશે, અમે પાછા નહીં જઈએ : ટિકૈત**

નવી દિલ્હી, તા.૨૭

કૃષિ કાયદાના વિરોધમાં દિલ્હી બોર્ડર ખાતે ખેડૂતોનું પ્રદર્શન હજું પણ ચાલુ જ છે. સંયુક્ત કિસાન મોરચા દ્વારા આજે સવારે ૬:૦૦ વાગ્યાથી સાંજે ૪:૦૦ વાગ્યા સુધી ભારત બંધનું એલાન કરવામાં આવેલું છે.

ગાઝીપુર બોર્ડર પર એનએચ-૯, એનએચ-૨૪ને ખેડૂતોએ જામ કરી દીધો છે. ખેડૂત સંગઠન સાથે સંકળાયેલા નેતાઓ ત્યાં ભેગા થયા છે. ખેડૂતોએ ગાઝીપુર બોર્ડર ઉપરાંત શંભુ બોર્ડર પણ જામ કરી દીધી છે.

આ દરમિયાન ખેડૂત નેતા રાકેશ ટિકૈતને કૃષિ મંત્રીના વાતચીત દ્વારા રસ્તો કાઢવાના નિવેદન મુદ્દે સવાલ કરવામાં આવ્યો હતો. તેના જવાબમાં તેમણે કૃષિ મંત્રી રટ્ટુ (ગોખણપટ્ટી કરનાર) છે એમ કહ્યું હતું. ટિકૈતે જણાવ્યું કે, જો સરકાર કાયદામાં ૧૦ વર્ષે સુધારો કરશે તો આ આંદોલન ૧૦ વર્ષ સુધી ચાલુ રહેશે. અમે પાછા નહીં જઈએ.

ટિકૈતના કહેવા પ્રમાણે તમે કોઈકના વિચારને વિચાર વડે જ બદલી શકો છો, બંદૂકની શક્તિ વડે તમે વિચાર ન બદલી શકો. કૃષિ મંત્રી




મુદ્દે કહ્યું કે, તે રટ્ટુ છે, જેવી રીતે બાળપણમાં ભણાવવામાં આવ્યું હતું. જે વાંચી લીધું એટલું જ બોલશે, એનાથી વધારે બોલશે જ નહીં. તેઓ કહે છે કે, કાયદો પાછો નહીં લે, સંશોધન અંગે વાત કરવી છે, વાત કરી લો.

# પેન્ડિંગ ફાઈલ્સના નિકાલ માટે મંત્રાલયોને તાકિદ

**વડાપ્રધાન મોદીએ નિર્દેશ આપ્યો : કાર્યની રૂપરેખા ૨૯ સપ્ટેમ્બર સુધી તૈયાર હશે ફાઇલોને નિકાલના મુદ્દે બીજી ઓક્ટોબરથી કામ શરૂ થઇ જશે**

નવી દિલ્હી, તા.૨૭

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નિર્દેશ પર સરકારી કાર્યાલયોમાં આગામી મહિનાથી એક અનોખું સ્વચ્છતા અભિયાન ચલાવવામાં આવશે. 'અનોખું એટલા માટે છે કે આ સાફ- સફાઇ પેન્ડિંગ, જૂની- વણજોઈતી ફાઈલોના ઉકેલ સાથે જોડાયેલી હશે. આ ઉપરાંત સંસદમાં આપવામાં આવેલા આશ્વાસનોને સંબંધિત મંત્રાલયોને ૩૧ ઓક્ટોબર પહેલાં પુરા કરવાના રહેશે.

એક રિપોર્ટ અનુસાર આ સંબંધમાં કેબિનેટ સચિવાલય તરફથી તમામ મંત્રાલયો અને વિભાગોને પત્ર લખવામાં આવ્યો છે, જેના આધારે પણ તમામ ૧૩ સપ્ટેમ્બરથી જરૂરી જાણકારી એકઠી કરવામાં લાગ્યા છે. સીધા શબ્દોમાં કહીએ તો ઓક્ટોબરથી શરૂ થનાર આ 'સ્વચ્છતા અભિયાનની તૈયારી થઈ રહી છે, જેથી ડેડલાઈનથી પહેલાં પણ તમામ કામ પુરા કરવામાં આવે.

આ સાથે જ મંત્રાલયોને હાલના નિયમો અને સરકારી કામકાજોમાં પેપરવર્ક વધારનારા જૂના આદેશોની પણ સમીક્ષા કરવાની છે. પીએમ મોદીના નિર્દેશ પર તમામ મંત્રાલયોને પત્ર લખવાવાળા કેબિનેટ સચિવ રાજીવ ગૌબાએ કહ્યું કે હાલની પ્રક્રિયાઓની સમીક્ષા કરી શકાય છે, જેથી ફરિયાદ સંબંધી બોજાને ઓછો કરી શકાય અને જ્યાં પણ સંભવ હોય ત્યાં બિનજરૂરી પેપરવર્કથી બચી શકાશે.

પત્રમાં કહેવામાં આવ્યું 'આ વર્ષે સ્વતંત્રતા દિવસના સંબોધનમાં પ્રધાનમંત્રીએ હાલના નિયમો અને પ્રક્રિયાની નિરંતર

● અનુસંધાન પાન-૭ પર

## અંતે જીવનનો મોટો નિર્ણય મારે જ લેવાનો છે : શિલ્પા

**રાજ કુંદ્રાના ઘરે આવ્યા પછી તેના અથવા શિલ્પા શેટ્ટીમાંથી કોઈની પણ પ્રતિક્રિયા હજી સુધીમાં સામે આવી નથી**

મુંબઈ, તા.૨૭

પોર્નોગ્રાફિક ફિલ્મો બનાવવાના આરોપમાં બે મહિના જેલમાં બંધ રહેલા શિલ્પા શેટ્ટીનો પતિ રાજ કુંદ્રા ગત સોમવારે જામીન પર છૂટો થયો હતો. રાજ કુંદ્રાની ૧૯મી જુલાઈએ મુંબઈ ક્રાઈમ બ્રાંચે ધરપકડ કરી હતી અને ૨૦મી સપ્ટેમ્બરે તેના જામીન મંજૂર થયા હતા. ૨૧મી સપ્ટેમ્બરે તે ઘરે પરત આવ્યો હતો. રાજ કુંદ્રાના ઘરે આવ્યા તેની અથવા શિલ્પા શેટ્ટીમાંથી કોઈની પણ પ્રતિક્રિયા હજી સુધી સામે આવી નથી. જો કે, શિલ્પા શેટ્ટી સોશિયલ મીડિયા પર એક્ટિવ રહે છે.

શિલ્પા શેટ્ટી ઘણા દિવસથી પુસ્તકના પેજ શેર કરી રહી છે અને તેના દ્વારા આડકતરી રીતે ઘણી વાતો કરતી રહે છે. હાલમાં તેણે ફરીથી ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર એક પોસ્ટ શેર કરી છે. જેમાં લખ્યું છે અંતે તો આપણે શું પસંદ કરીએ છીએ અને શું પસંદ નથી કરતા તેના માટે આપણે પોતે જવાબદાર છીએ.

જો આપણે નસીબદાર હોઈશું તો, આપણને મિત્રો અને પરિવારનો સારો સપોર્ટ મળશે, પરંતુ એક સમયે આપણે નિર્ણયો લેવા પડે છે અને તેના માટે જવાબદારી પણ લેવી પડે છે. સાચુ કે ખોટુ, તે આપણા પર છે. આપણે ઊંડો શ્વાસ લઈએ છીએ, આપણને જે સલાહ મળી છે તેના પર ધ્યાન આપીએ છીએ, પોતાના અનુભવ પર વિચાર કરીએ છીએ અને પછી તે કરીએ છીએ જે શ્રેષ્ઠ હોય છે. જો બાબત ઠીક જાય તો આપણે રાહતનો શ્વાસ લઈએ છીએ અને જો ઠીક ન થાય તો તેની જવાબદારી લઈએ છીએ અને આગળ વધી જઈએ છીએ.

**ગાંધીનગર માટે**

**આપનું LED TV, બગડે તો દુકાને આવવાની જરૂર નથી ફક્ત ફોન કરો.**

**સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ**

ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં સેક્ટર-૨૪, ગાંધીનગર

મો. ૯૭૧૪૧૯૮૩૬૬

# દિલ્હીમાં બંધની અસર

**દિલ્હીના અનેક વિસ્તારોમાં ભારે જામ, મેટ્રોની સર્વિસ પર અસર : ખેડૂતો દ્વારા ભારત બંધનું એલાનની જનજીવન ખોરવાયું : દિલ્હી પોલીસે બોર્ડર પર પ્રેટ્રોલિંગ વધારી દીધું**

નવી દિલ્હી,તા.૨૭

ત્રણેય કૃષિ કાયદાના વિરૂદ્ધ સંયુક્ત કિસાન મોરચાના નેતૃત્વમાં ૪૦થી વધુ ખેડૂત સંગઠનોનું ભારત બંધ આંદોલન શરૂ થઈ ગયું છે. જે સાંજે ૪ વાગ્યા સુધી ચાલશે. ખેડૂતોના ભારત બંધને લગભગ એક ડઝનથી વધુ રાજકીય પક્ષોએ સમર્થન કર્યું છે. બંધને જોતા દિલ્હી, યૂપી



અને હરિયાણામાં પોલીસ એલર્ટ પર છે. ખેડૂતોના ભારત બંધની દરેક અપડેટ માટે અમારી સાથે જોડાયેલા રહો. ખેડૂતો કેએમપી એક્સપ્રેસ-વે પર બેઠેલા છે. તેને જોતા પોલીસે એક્સપ્રેસ-વે બંધ કરી દીધો છે. તે ઉપરાંત રેડ ફોર્ટની તરફ જનાર બંને રસ્તાને બંધ કરી દેવામાં આવ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

## કાશ્મીરની સહકારી બેન્કે મંજૂરી વિના શાખાઓ ખોલી

**જમ્મુ-કાશ્મીર રાજ્ય સહકારી બેન્કને બેન્કિંગ રેગ્યુલેશન એક્ટ ૧૯૪૯નુ ઉલ્લંઘન બદલ દંડ ફટકારાયો**

નવી દિલ્હી, તા.૨૭

કેન્દ્ર સરકારની સંસ્થા નાબાર્ડ દ્વારા કરવામાં આવેલી એક તપાસથી એ જાણવા મળ્યુ હતુ કે જમ્મુ-કાશ્મીર રાજ્ય સહકારી બેંકે બેંકિંગ રેગ્યુલેશન એક્ટ ૧૯૪૯નુ ઉલ્લંઘન કર્યુ છે. તેણે રિઝર્વ બેંકની પરવાનગી વિના જ રાજયમાં કેટલીક શાખાઓ ખોલી લીધી. રિઝર્વ બેંકે કહ્યુ કે નિયમોના અનુપાલનમાં ખામીના કારણે બેન્ક પર આ દંડ લગાવવામાં આવી રહ્યો છે.

રિઝર્વ બેન્કે કહ્યુ કે નાબાર્ડ દ્વારા બેન્કની ૩૧ માર્ચ ૨૦૧૯ સુધીની નાણાંકીય હાલતની તપાસ કરવામાં આવી અને તેના રિપોર્ટમાં એ જાણકારી મળી છે કે સહકારી બેન્કે બેન્કિંગ રેગ્યુલેશન એક્ટ ૧૯૪૯ની કલમ ૫૬ના સેક્શન ૨૩ નુ ઉલ્લંઘન કર્યુ છે. બેંકે રિઝર્વ બેંકની પરવાનગી વિના કેટલીક શાખાઓ ખોલી લીધી હતી.

રિઝર્વ બેન્કે એક નિવેદનમાં કહ્યુ, આ તપાસના આધારે બેંકને

● અનુસંધાન પાન-૭ પર